**<u>સુરુચિ તો જીવનું જીવન કહેવાય</u>**

સાથી રે... કોઈપણ ભોગે ખપી જવાની દૃઢતા કરો સદાય,

સુરુચિ તો જીવનું જીવન કહેવાય, વ્હાલમ વ્હેલા તને વરણીય થાય,
દિવ્ય સંબંધે જીવતાં જોજો પાછું ના પડાય, સુરુચિ તો જીવનું જીવન કહેવાય,
વ્હાલમ વ્હેલા તને વરણીય થાય, પ્રભુ રાજી થાય, પ્રભુમય થવાય,
સુરચિ... વ્હાલમ... સાથી રે...

સ્વામી તારા હૃદયે બેઠા, અંતર ચોખ્ખું કરશે, કોતરણી એ કરશે,
કાયમ એમાં રહેવા માટે, અણુ પરમાણુ બદલશે, ધાર્યું એનું એ કરશે,
સાથી રે... રાંક બનીને માગજે તું કે બધું એનું ગમી જાય,
સુરુચિ... વ્હાલમ... સાથી રે...

કરુણાનિધિ પણ સહૃદયી થઈને, તારા અહમને ઓગાળે, બ્રહ્મતનુ કરવાને,
દેહભાવ તારો જીવભાવ સઘળો, ચૂરેચૂરા એના કરશે, તોયે હસતો રહેશે,
સાથી રે... પ્રલયની આ છે વસમી વેળા, ગાફલ ના રહેવાય...
સુરુચિ... વ્હાલમ... સાથી રે...

સર્વપ્રસંગે વૃત્તિ ને બુદ્ધિ, એની રીતે ભલે વર્તે, એથી જુદો તું રહેજે,
હુ પ્રભુનો ને પ્રભુ મારા છે, કેફ જવા ના દેજે, લડત ભજનથી લેજે,
સાથી રે... ગુણાતીત દૃષ્ટિનાં પુષ્પો, કે દિ ના કરમાય...
સુરુચિ... વ્હાલમ... સાથી રે...

આમ જુઓ તો માનવ જેવું, માનવરૂપ ધર્યું છે,
અક્ષરના અધિરાજ છતાં પણ સેવકના સેવક છે,
નરતનુમાં નારાયણ છે એ કોઈ શકે ના જાણી, તું લેજે પિછાણી...
સાથી રે... એનો પડછાયો થઈ રહેજે પળભર ના એ ભૂલાય...
સુરુચિ... વ્હાલમ...
પ્રભુ રાજી... સુરુચિ...
સાથી રે... ઓ સાથી...

********